# ભાજપના દિગ્ગજ નેતાની ઓડિયો ક્લીપ છે મારી પાસે : નરેન્દ્ર પટેલ

## મોડાસાના વાણિયાદ ગામે જાહેરસભામાં પાસના કન્વીનરની ચોંકાવનારી જાહેરાત

મોડાસા, તા. ૧

ભાજપ દ્વારા ખરીદી કરવામાં આવી હોવાનો પર્દાફાશ કરનારા અને રૂ. ૧૦ લાખ ભાજપ તરફથી મળ્યાં હોવાનું જણાવી ટેબલ લઈને પત્રકાર પરિષદ કરનારા મહેસાણાના પાસ કન્વીનર નરેન્દ્ર પટેલે મોડાસાના વણિયાદમાં સભા સંબોધી હતી. જેમાં તેમણે તેમની પાસે એક ભાજપના મોટા ગજાના નેતાની ઓડિયો ક્લીપ હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. તે આગામી દિવસોમાં આ ઓડિયો ક્લીપ જાહેર કરશે તેવો દાવો પણ કર્યો હતો. પાસ કન્વીનર નરેન્દ્ર પટેલની અત્યાર સુધીમાં બે કથિત ઓડિયો ક્લીપ વાઈરલ થઈ ચૂકી છે. એક ક્લીપમાં વરૂણ પટેલ સાથે ભાજપમાં જોડાવા અંગેનો વાર્તાલાપ અને બીજી ક્લીપમાં કોંગ્રેસ સાથે સાંઠગાંઠ હોવાની વાત ચર્ચાનો મુદ્દો બન્યો છે. પોતાની પાસે આવી અનેક ક્લીપ હોવાના પણ નરેન્દ્ર પટેલે દાવા કરેલા છે. ત્યારે મોડાસાના વણિયાદ ખાતે યોજાયેલ એક શામ સરદાર કે નામ કાર્યક્રમમાં નરેન્દ્ર પટેલે પોતાની પાસે અમિત શાહની ઓડિયો ક્લીપ હોવાનો ઘટસ્ફોટ કર્યો છે. કાર્યક્રમમાં આપેલા ભાષણનો વીડિયો વાયરલ



કરાયો હતો. જેમાં આગામી દિવસોમાં અમિત શાહની ઓડિયો ક્લીપ જાહેરનો કરવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરી ઓડિયો જાહેર કરીશ ત્યારે ભાજપની દશા ખરાબ થઈ જશે તેમ તેમણે જણાવાયું હતું. મારી પાછળ સ્ટેટ અને સેન્ટ્રલ આઈબીની પણ નજર છે. ગમે ત્યારે મને કંઈ પણ થઈ શકે છે. પરંતુ છેલ્લે સુધી હુ લડતો રહીશ તેમ નરેન્દ્ર પટેલે જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું.

# મેઘરજ કાલીયા કુવા ગામે સગીરાનું અપહરણ કરનાર બે આરોપીઓના મોત

મેઘરજ, તા. ૧

મેઘરજ તાલુકાના કાલીયાકુવા ગામે મામાના ઘરે રહી અભ્યાસ



કરતી એક સગીરાનું બાઈક ઉપર ઉઠાવી અપહરણ કરી ગયાની ફરિયાદ સગીરાના મામાએ રવિવારે મેઘરજ પોલીસ સ્ટેશને નોંધાવી હતી. ફરિયાદ નોંધાયાના ત્રીજા દિવસે બન્ને આરોપીઓની લાશ રાજસ્થાનના પીઠ ગામના તળાવમાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

કાલીયાકુવા ગામે મામાના ઘરે રહેતી એક સગીરાને ગામનો જ એક યુવક મુકેશ કનુ ભંગી અને રાજસ્થાનના ડુકા ગામનો યુવક અરવિંદ મસા બન્ને મળી સગીરાને બાઈક ઉપર ઉઠાવી ગયા હતા. જેથી પોતાના પરીવારજનોએ ભેગા મળી સગીરાને શોધવાના પ્રયત્નો કર્યા હતા, પરંતુ ચાર દિવસ સુધી સગીરાનો કોઈ પત્તો ન મળી આવતા સગીરાના મામાએ મેઘરજ પોલીસ સ્ટેશને



ગુનો નોંધાયો હતો. ત્યારે મેઘરજ પોલીસે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. તેવામાં મંગળવારે બપોરે રાજસ્થાનના સીમલવાડા નજીક પીઠ ગામેથી તળાવમાંથી ત્રણ મૃતદેહો મળી આવ્યા હતા.

જેમાં સગીરા અપહરણના આરોપી મુકેશ કનુ ભંગી અને મુકેશ કનુ ભંગી રહે. કાલીયાકુવા અને અરવિંદ મસા રહે. ડુકા. રાજસ્થાન વિરૂદ્ધ પોક્ક્ષો કલમ હેઠળ

અરવિંદ મસા ભંગી તેમજ આરોપી મુકેશના પિતા કનુ સોમા ભંગીનો મૃતદેહ મળી આવતા રાજસ્થાન પોલીસ ઘટનાસ્થળે જઈ મૃતદેહોને પોશમોર્ટમ માટે સીમલવાડા મોકલી આપ્યા હતા અને મૃતક કનુ સોમાની પત્ની શારદીબેને ધમ્બોલા પોલીસ સ્ટેશને ફરિયાદમાં જણાવ્યું હતું કે મારો પુત્ર મુકેશ રિસાઈને ઘરેથી નીકળી ગયો હતો. જેને શોધવા કનુ અને અરવિંદ પીઠ ગયા હતા ત્યાં તળાવ નજીક મુકેશ હોઈ કનુ અને અરવિંદને જોઈને તળાવમાં પડ્યો હતો જેને બચાવવા કનુ અને અરવિંદ પણ તળાવમાં પડ્યા હતા એમ ત્રણે ઈસમો તળાવના પાણીમાં ડુબી જવાથી મોત થયા હતા. મૃતકની પત્નીની ફરિયાદને આધારે ધમ્બોલા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી મૃતદેહોનું પી.એમ. કરાવી મૃતદેહો તેમના પરીવારજનોને સોંપ્યા હતા.

# ડીસા નજીકથી દારૂ ભરેલી ટવેરા ઝડપાઈ; ચાલક ફરાર

વિધાનસભા ચૂંટણીના પગલે પોલિસે વિદેશી દારૂની હેરાફેરીને અટકાવવા માટે લાલ આંખ કરતા બુટલેગર અને ખેપિયાઓની ઊંઘ



હરામ થઈ ગઈ છે અને બનાસકાંઠામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપવાની ઘટનાઓ પણ રોજિંદી બની ગઈ છે ત્યારે બનાસકાંઠાની એલસીબી પોલીસની ટીમે ડીસા નજીકની આખોલ ચોકડી પાસેથી વિદેશી દારૂ ભરેલી વધુ એક ટવેરા ગાડી ઝડપી લીધી છે

.જિલ્લા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજરની સૂચનાથી એલસીબી પોલીસના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર જે.એચ.સિંધવ તેમની ટીમ સાથે પેટ્રોલિંગમાં નીકળ્યા હતા એ વખતે બાતમીના. આધારે ડીસા નજીકની આખોલ ચોકડી પાસે નાકાબંધી કરી જીજે-૦૭-છ્ય-૪૩૮૩ નંબરની ટવેરા ગાડીને આંતરી તલાશી લેતા આ ગાડીમાંથી ૬૫,૬૦૦ રૂપિયાની કિંમતનો ૬૫૬ બોટલ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો જેથી એલસીબી પોલીસે બે લાખની કિંમતની ટવેરા ગાડી સહિત બોટલો કુલ ૨,૬૫,૬૦૦ રૂપિયાની કિંમતનો મુદામાલ જપ્ત કર્યો હતો. જોકે આ ઓપરેશન દરમ્યાન ગાડીનો ચાલક ભાગી ગયેલ હોઈ એલસીબી પોલીસે તમામ મુદ્દામાલ ડીસા તાલુકા પોલીસને સુપ્રત કરી ફરાર ગાડી ચાલક વિરુદ્ધ ડીસા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જાણીતા કલાકાર જનક ઠક્કરને યુવા પ્રતિભા એવોર્ડથી સન્માનાયા

સિદ્ધપુર, તા. ૧

વિશ્વ લોહાણા મહાપરિષદ દ્વારા સિદ્ધપુર ગામ ખાતે રમેશભાઈ ઓઝા ઉર્ફે ભાઈશ્રીના પ્રતિભાશાળી યુવા અભિનેતા પણ છે. તેમણે તેમની તાજેતરની સીરીયલ 'સુરી' દ્વારા પણ તેઓએ 'સ્ત્રી શિક્ષણ'નો સંદેશ ટીવીના જવાબદારી નિભાવીને કડીરૂપ કામ કરી રહ્યા છે.

લોહાણા સમાજ આવા યુવાનોને તેમની પ્રતિભાને સન્માનીત



દ્વારા ભાગવતકથાનું સુંદર આયોજન કરેલ. તેમાં લોહાણા મહાપરિષદ દ્વારા રઘુવંશી યુવા સંમેલનનું પણ આયોજન કરેલ. જેમાં લોહાણા સમાજનું ગૌરવ એવા જનક જશવંતભાઈ ઠક્કરને યુવા પ્રતિભા એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. જનક ઠક્કર આટલી નાની વયમાં ઘણીબધી સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરેલ છે. તેઓ એક માધ્યમથી સમાજને પહોંચાડ્યો છે. તેઓ ભાજપમાં પણ સક્રીય રીતે જોડાયેલ છે. આમ જનક ઠક્કર બહુમુખી પ્રતિભા ધરાવે છે. તે સમગ્ર લોહાણા સમાજ તેમજ ગાંધીનગર શહેર માટે પણ ગૌરવ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વચ્છ ભારતનું જે સ્વપ્ન છે. તેમાં તેઓ ડીસા તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડરની કરી પ્રોત્સાહન પુરૂ પાડે છે. સિદ્ધપુર મુક્તિધામના નદિ કિનારે સમાજના આગેવાનો દ્વારા સ્વચ્છતા અભિયાનનો પણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં લોહાણા પરિષદના તમામ હોદ્દેદારો તથા રમેશભાઈ ઓઝા પણ ઉપસ્થિત રહ્યા હતા. જનકભાઈ હંમેશા સમાજ અને લોક ઉપયોગી કામ કરે એવી સમાજના લોકોએ શુભકામનાઓ પાઠવી હતી.



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજના પ્રતિનિધી તરીકે સદગુરુ ભગવપ્રિયદાસજી સ્વામી, મહંત દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ ખાતે જાપાનથી પધારેલ માનનીય મિ. ટોસીઝો ઈડો, ગર્વનર, હાપેગા પ્રિરેકચરને પાઘ, શાલ અર્પણ કરી સન્માનિત કરાયા હતા. રયોગી નોડા, કોન્સ્યુલેટ જનરલ, જાપાન મુંબઈ ખાતેના, મુકુંદભાઈ પટેલ, પીસ જીસર્ચ, જાપાન ઈન્ફોર્મેશન એન્ડ સ્ટડી સેન્ટર, મુકેશભાઈ પટેલ, પ્રેસીડેન્ટ, આઈ.જે. એફ.ઓ. તથા જાપાનના ડેલીગેશનના પ્રતિનિધિઓને પણ સન્માન કર્યા હતા.

# પાલનપુરમાં અંધશ્રધ્ધા વિરોધી રેલી અને વેબ સીરીયલનો પ્રારંભ

પાલનપુર, તા. ૧

ન જાણે કેમ ભારતમાં સદીઓથી કાળી ચૌદશની રાત્રીને એટલી ખોફનાક ચીતરવામાં આવી છે અને એવી ગેરમાન્યતાઓ-પરંપરાઓ તેમજ જાતજાતની વિચિત્ર બિહામણી વાતો પ્રચલિત કરવામાં આવી છે કે લોકો રાત્રે સ્મશાનમાં તો શું પણ બહાર નીકળવાનું પણ ટાળે છે. કહેવાતા તાંત્રિકો રાત્રે મંત્ર-તંત્ર, મેલીવિદ્યા, સાધના વગેરે જેવી કથિત અને અદ્રશ્ય શક્તિઓ મેળવતા હોવાની અવૈજ્ઞાનિક વાતો આપણને સાંભળવા મળે છે. આ બાબતનું ખંડન કરવા અને લોકજાગૃતિ કેળવાય તેવા આશયથી બનાસકાંઠા જિલ્લા અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ, પાલનપુર તરફથી તા. ૧૮-૧૦-૨૦૧૭ કાળી ચૌદશની રાત્રે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જી.ડી. મોદી કોલેજ ગેટ આગળથી રાત્રે ૮ કલાકે ઢોલ-નગારા સાથે જનજાગૃતિ રેલી શરૂ કરવામાં આવી હતી. જેમાં બાળકો, સ્ત્રી-પુરૂષો મળીને આશરે ૧૦૦ જેટલા લોકો જોડાયા હતા. ચમત્કારથી ચેતો, અંધશ્રદ્ધાથી દૂર રહો. ચમત્કાર કરનારને ૧ કરોડનું ઈનામ, અંધશ્રદ્ધા કાનૂન બનાવો, દુનિયામાં ભૂત-પ્રેત ક્યાંય નથી જેવા પ્લે બોર્ડ સાથે સૂત્રોચ્ચાર કરીને ગુરૂનાનક ચોક, સંજય ચોક, દિલ્હીગેટ થઈને માનસરોવર સ્મશાન સુધી રેલી નીકળી હતી. ત્યારબાદ સ્મશાનમાં સભાના રૂપમાં સૌ મળ્યા હતા.

આ પ્રસંગે અંધશ્રદ્ધા નિર્મૂલન હેતુને ધ્યાનમાં રાખીને હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ સોસાયટી, ગોધરાના પ્રમુખ ડૉ. સુજાતવલીના સહકારથી 'પાખંડ' નામની વેબ સીરીયલનો શુભારંભ મુકુન્દભાઈ સિંધવ ગોધરાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ વખતે વેબ સીરીયલના ડાયરેક્ટર ભાવેશ ઓડે પાખંડી બાવાનો અભિનય કરીને થોડીવાર માટે લોકોને ડરાવી દીધા હતા. આ સીરીયલની સ્ટોરી રમેશભાઈ સવાણી ડીઆઈજી (બી)એ લખી છે, જેમાં ડાયરેક્ટર તરીકે ભાવેશ ઓડ, એડીટર નયન ચત્રારીયા, આર્ટ ડાયરેક્ટર જયેશ વાગડોદા તથા અભિનય ફિલ્મ એકેડેમીના કલાકાર મિત્રો ખૂબ જ મહેનત કરીને આ નવીન પ્રકારની વેબ સીરીયલ બનાવી રહ્યા છે.


આ કાર્યક્રમમાં ઉપસ્થિત સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર ડૉ. સુરેન્દ્ર ગુપ્તા, સંસ્થાના પ્રમુખ પ્રો. અશ્વિન કારીઆ, ગિરીશ સુંઢિયા, પરેશ રાવલ, મોહનભાઈ રાજ, જયેશ ચૌહાણ, લવજી મકવાણા, વસંતભાઈ યાદવ વગેરેએ વૈજ્ઞાનિક સમજ દ્વારા અંધશ્રદ્ધા અને ભયમાંથી બહાર નીકળી જાગૃત અને નીડર બનવા આહવાન કર્યુ હતુ. આ પ્રસંગે ટી.વી. ચેનલ અને મીડીયાના પત્રકાર મિત્રોએ હાજર રહી સારૂ કવરેજ મેળવ્યુ હતુ. છેલ્લે સૌ સ્મશાનમાં મીઠાઈ અને નાસ્તો કરીને છુટા પડ્યા હતા.

## મેદની ઉમટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીનું ગુજરાત મોડેલ તમામ રીતે ફેલ ગયુ છે અને ગુજરાતમાં અંડરકરંટનો માહોલ છવાયેલો છે, જે કરંટ ચૂંટણી વખતે ભાજપને લાગવાનો છે. રાહુલ ગાંધીએ તેમના પ્રવચનમાં બેરોજગારી, શિક્ષણ, આરોગ્ય સહિતના મુદ્દાઓને લઈને પણ મોદી અને ભાજપ સરકાર પર ચાબખા વરસાવતાં જણાવ્યું હતું કે, મોદીજીએ યુવાનોને રોજગારી આપવાની મોટી મોટી વાતો કરી હતી, આપણી સીધી સ્પર્ધા ચીન સાથે છે. મોદીજીએ મેઈડ ઈન ઈન્ડિયા અને મેઈડ ઈન ગુજરાતના બણગા ફુંકયા હતા પરંતુ આજે મેઈડ ઈન ચાઈનાનું વર્ચસ્વ છવાયેલુ છે. સચ્ચાઈ એ છે કે, ચીનમાં રોજના ૫૦ હજાર યુવાનોને રોજગારી મળે છે, જેની સામે મોદીજી રોજના માત્ર ૪૫૦ યુવાનોને રોજગારી આપી રહ્યા છે, જે બહુ શરમજનક વાત છે. ગુજરાતમાં આજે કેન્સરનો ઈલાજ, હૃદયરોગનો ઈલાજ જેવી બિમારીઓનો ઈલાજ કરાવવો હોય તો પહેલા ખિસ્સામાં પૈસા જોઈએ છે અને પૈસા ના હોય તો દર્દીને હોસ્પિટલની બહાર ફેંકી દેવાય છે. એવું જ શિક્ષણમાં છે, યુવાઓએ જો અભ્યાસ કરવો હોય તો પહેલા પંદર-વીસ લાખ રૂપિયા ખિસ્સામાં હોવા જોઈએ તો, કોલેજ જઈ શકો. જો પૈસા ના હોય તો ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને અભ્યાસ મેળવવો અશકય બની ગયો છે. ગુજરાતમાં બસ જયાં જુઓ ત્યાં પૈસાથી જ કામ ચાલે તેવું વાતાવરણ થઈ ગયું છે. પૈસા ના હોય તો તમારું કોઈ કામ ના થાય...આ છે.... ગુજરાત મોડેલ...મોદીજીનું ગુજરાત મોડેલ તમામ રીતે ફેલ ગયું છે. રાહુલે વધુમાં ઉમેર્યું કે, ગુજરાતમાં આજે દરેક સમાજ દુઃખી અને તકલીફમાં છે. દરેક સમાજના અલગ અલગ આંદોલનો ચાલી રહ્યા છે. લોકોમાં એક પ્રકારનો ઉગ્ર આક્રોશ પ્રવર્તી રહ્યો છે. ગુજરાતમાં દરેક જગ્યાએથી ફરિયાદ ઉઠી રહી છે, માત્ર ફરિયાદ નથી ઉઠી રહી તો માત્ર પાંચ-દસ ઉદ્યોગપતિઓમાંથી, કારણ કે, તેઓને કોઈ તકલીફ નથી. આજે ખેડૂતો, ગરીબો અને જરૂરિયાતમંદોને પીવાનું પાણી મળતું નથી અને મોદીજીના માનીતા ઉદ્યોગપતિઓને ખેડૂતો અને ગરીબોના હિસ્સાના વીજળી-પાણી પહોંચાડી દેવાય છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, મોદીજી ગુજરાતના મોડેલના આધાર પર ચૂંટણી જીત્યા અને વડાપ્રધાન પદ સુધી પહોંચ્યા.

# સાહિત્યરસિકોમાં પ્રશસ્તિ પામી રહેલો 'પાટનગર પ્રકાશ'નો દીપોત્સવી અંક






ગાંધીનગર, તા. ૧

છેલ્લા ૧૬ વર્ષથી, સાહિત્યકાર, પત્રકાર ભરત કવિના તંત્રીપદ હેઠળ પ્રકાશિત થતા સાપ્તાહિક અખબાર 'પાટનગર પ્રકાશ'નો દીપોત્સવી અંક-૨૦૧૭ વાચકોની પ્રશસ્તિ મેળવી રહ્યો છે. કારણ કે સાચા અર્થમાં તે પ્રત્યેક સાહિત્ય રસિક માટે માણવા અને વાંચવા જેવો બન્યો છે.

ઉલ્લેખનીય છે કે પાટનગર પ્રકાશના આ દીપોત્સવી વિશેષાંકનું શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ધનતેરસના રોજ વિમોચન કરવામાં આવ્યું હતું. રાજયના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકારો, વાર્તાકારો, કવિઓ તથા નવોદિત સાહિત્યકારોની કૃતિઓથી સંપન્ન પાટનગર પ્રકાશનો દીપોત્સવી અંક સાહિત્ય રસિકો માટે ખરા અર્થમાં વાચનક્ષમ બન્યો છે.

આ અંકના વિમોચન પ્રસંગે લોકસાહિત્યકાર અને 'ધરતીનો ધબકાર' કોલમના કોલમીસ્ટ દોલત ભટ્ટ, સાહિત્યકાર કિશોર જીકાદરા, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ, ઉપપ્રમુખ સંજય થોરાત ઉપસ્થિત રહ્યા હતા. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સાહિત્ય સંપન્ન પાટનગર પ્રકાશના દીપોત્સવી અંક માટે પાટનગર પ્રકાશના તંત્રી અને સાહિત્યકાર ભરત કવિને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

પાટનગર પ્રકાશમાં રઘુવીર ચૌધરી, પ્રકાશ લાલા, ઉજમશી પરમાર, પ્રફુલ રાવલ, પ્રજ્ઞા પટેલ, સુરેશ પ્રા.ભટ્ટ, ચંદ્રકાંત નિર્મલ, પુલક ત્રિવેદી ઉપરાંત રાજયના પ્રતિષ્ઠિત કવિઓ ચિનુ મોદી, હરિકૃષ્ણ પાઠક, રાધેશ્યામ શર્મા, હર્ષ બ્રહ્મભટ્ટ, ધૂની માંડલિયા જેવા અનેક સર્જકોની કૃતિઓનો સમાવેશ કરાયો છે.

પાટનગર પ્રકાશના આ દીપોત્સવી અંકનું ડિઝાઈનીંગ કુંતલ નિમાવત દ્વારા અને પ્રિન્ટીંગ કૅપિટલ ઑફસૅટ, ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું છે.

## કર્મની ગતિ... ● ૪ પાનાનું ચાલુ...

સુખી થવાનો માત્ર એક જ માર્ગ છે : સારાં કર્મો કરો. આ છ અક્ષરમાં જ આપણાં છ શાસ્ત્રોનો સાર આવી ગયો. માણસ વાતો કરે છે આસ્તિકની જેમ અને જીવે છે નાસ્તિકની જેમ. એક પણ સ્વાર્થ વગર તો એ મંદિરે પણ નથી જતો. કરિયાણાની દુકાને કરિયાણું લેવા જેમ યાદી બનાવી જઈએ છીએ તેમ માણસ એક આખેઆખી યાદી લઈ મંદિરે જાય છે. યાદી એને ફરિયાદી બનાવી દે છે. બિચ્ચારો માણસ !

સરવૈયું કાઢવા માટે રોજમેળ જરૂરી છે. રોજમેળ પછી જમા-ઉધાર બાજુ હોવી નિતાંત આવશ્યક છે પણ માણસને જમા બાજુમાં વધારે રસ છે; પણ જમા કરવામાં રસ નથી. સત્ય, અહિંસા, તપ, દયા, અચૌર્ય અને અપરિગ્રહની જમા બાજુ સદ્ધર હોય તો પછી સિલક કયારેય ખૂટતી જ નથી. માણસની આ જમા બાજુ જ ખાલીખમ હોય છે એટલે ધંધામાં ખોટ જ ખોટ ભોગવવી પડે છે. એની જમા બાજુમાં ઊલટાનાં કામ, ક્રોધ, મદ, લોભ, મોહ અને મત્સર ઢગલાબંધ હોય છે એટલે દુઃખ પણ ઢગલાબંધ ભોગવવાં પડે છે. શું કરીએ ?

માણસે રોજેરોજનું ૨૪ કલાકનું સરવૈયું કાઢવા જેવું છે : આજે કેટલાં સત્કર્મ કર્યા કે ખોટાં કામ કર્યા ? જેમ જેમ ખોટાં કર્મોની સંખ્યા ઘટતી જશે અને સત્કર્મોની સંખ્યા વધતી જતી જશે ત્યારે દુઃખ ઘટી જશે અને સુખ વધી જશે - આ તો ચોખ્ખા ઘીનો શીરો ગળે ઊતરી જાય એવું એકદમ સાદું અને ચોખ્ખું ગણિત છે - આટલું જ જો સમજાઈ જાય તો પછી કોઈને કોઈ દુઃખ રહેતું જ નથી. આવું કર્યા પછી તો મંદિરે જવાની ય જરૂર રહેતી જ નથી. કારણ કે :

કર્મ જો તેરે અચ્છે હૈ, તો તકદીર તેરી દાસી હૈ;
નિયત જો તેરી અચ્છી હૈ, તો ઘરમેં મથુરા કાશી હૈ.
ખોટાં કામ કરવાનાં આજથી બંધ. સુખને એક અવસર તો આપો.

## મનના ઉમંગો ● ૪ પાનાનું ચાલુ...

બાંધીશ તારા અંતરનો ત્યાં તાર
પછી મારી ધૂન જગાવું.
સુણજે આટલો આર્ત તણો પોકાર,
બીજું હું કાંઈ ન માગું એક તારો મારો ગુંજશે મીઠું,
દેખાશે વિશ્વ જે રહ્યું અદીઠું;
ગીતની રેલશે એક અખંડિત ધાર,
એમાં થઈ મસ્ત હું રાચું.
આપને તારા અંતરનો એક તાર ,
બીજું હું કાંઈ ન માગું

- બાદરાયણ

## બ્લેક કવર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બી.યુ.માંથી ૨૯૦૭, સી.યુ. મશીન ૬૨,૬૬૬માંથી ૫૨૪૫ રિજેક્ટ એફ.એલ.સી. દરમ્યાન થયા છે. બી.બી. સ્વૈને આ અંગે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં કુલ ૫૦,૧૨૮ મતદાન મથકો આવેલા છે. વિધાનસભા ચૂંટણી દરમિયાન કેન્દ્રીય ચૂંટણી તંત્રના ધારાધોરણ પ્રમાણે કુલ મતદાન મથકોની સંખ્યાના ગુણાંકમાં ૧૫૦ ટકા બેલેટ યુનિટ (બી.યુ.), ૧૨૫ ટકા કંન્ટ્રોલ યુનિટ (સી.યુ.), અને ૧૪૦ ટકા વોટર્સ વેરીફાયેબલ પેપર ઓડિટ ટ્રેઈલ (વીવીપેટ) રાખવાના થાય છે. મતદાન મથકોની સંખ્યા ધ્યાને લેતા ગુજરાત વિધાનસભાની આગામી સામાન્ય ચૂંટણીઓ માટે ૭૫,૧૯૬ બેલેટ યુનિટ, ૬૨,૬૬૬ કંટ્રોલ યુનિટ અને ૭૦,૧૮૨ વીવીપેટની આવશ્યકતા રહે છે. જે ચૂંટણી તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાયા છે. કેન્દ્રીય ચૂંટણી તંત્ર દ્વારા ૪,૧૫૦ વધારાના વીવીપેટ પણ રાજ્યને ફાળવાયા છે.

## હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"હા...હા... સમજ્યા..!! જેના કારણે વધી અને જે રીતે વધી એની પળોજણ મુકો અને પરિસ્થિતિ સુધરે તેવું કંઈક સાથે મળીને વિચારીએ..!! પક્ષ અમારો હોય કે તમારો દેશના અર્થતંત્રને મજબુત બનાવવાની દિશામાં સૌએ એક થવું જોઈએ-નેક થવું જોઈએ..!!"

"વાત તમારી લાખ રૂપિયાની છે..!! રાજકીય આક્ષેપો ગમે તેમ થાય તે ચાલે..! વહિવટની ભુલો માટે ગાળાગાળી થાય એ ચાલે..! પણ દેશના સામાન્ય અને મધ્યમવર્ગને રાહત આપવાનું તો સૌએ સાથે મળીને વિચારવું જોઈએ..!! નારાઓથી દેશ નહી ચાલે..!! નિયત સાફ રાખવી પડશે..!!"

- નિમિત્ત માત્ર

## પ્રતિબંધની માગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યોનો મામલો છે. આના પર કોર્ટે કહ્યું હતું કે, સેન્ટ્રલ સ્કીમ હેઠળ સ્પેશિયલ કોર્ટ બનાવવા માટે ફંડની રકમ કેટલી લાગશે તે અંગે જવાબ આપવાની જરૂર છે. મામલાની સુનાવણી કરતી વેળા કોર્ટે અરજીદારોને પણ ફટકાર લગાવી હતી. સુપ્રીમે કહ્યું હતું કે, સ્પેશિયલ કોર્ટમાં ઝડપથી ટ્રાયલ ચાલશે. કેન્દ્રને કેટલો ખર્ચ થશે તે અંગે માહિતી આપવા માટે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું.